

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*ચૂંટણીના સર્વે પોલ, મોટી-ખોટી પોલંપોલ છે,*
*પક્ષના સંપ્રદાયી પેપરોનો પૈસાથી તોલ છે.*
*ઢોલ છે માહોલનો. ને છે આડકતરો પ્રચાર*
*વેપારી જૂથોને, માનસિક-દબાણનો રોલ છે.*

હાઈકુ

*સર્વે ના પોલ*
*છે ચૂંટણીના ખેલ -*
*ઠેલે હતાશા !*

*નાચે મોરલા,*
*મતદાર છે ઢેલ -*
*નાચે મોરલા!*

### ચિંતન

***અંતર હરિ હરિ હોત હૈ, મુખ કી હાજત નાહીં***
***સહેજે ધૂન લાગી રહે, સંતન કે ઘટ માંહી,***

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલી છે.

સંત અથવા હરિજન કેવા હોય છે ? કબીર કહે છે કે હરિજનના અંતરમાં હરિનું ભાન સદૈવ હોય છે તેથી મુખથી હરિ હરિ કરવાની તેઓને જરૂર રહેતી નથી. સંતના ઘરમાં સહજ અથવા સ્વભાવિક રીતે રામનામની ધૂન લાગી રહેતી હોય છે, તેથી ત્યાં બાહ્ય પોકારની શી જરૂર હોય?

બ્રાહ્યક્રિયા પરથી સંતની પરીક્ષા થાય જ નહીં, જે સંત, જે હરિજન હરિરસમાં મગ્ન છે તે જ ખરા હરિજન છે.

બેસતાં-ઉઠતાં-સૂતાં-ચાલતાં જે વ્યક્તિ 'રામ' નામમાં મસ્ત હોય - લીન હોય તેનાં રોમ રોમ અને હૃદયમાં 'રામ' રહે છે પરિણામે 'અંતિમ' સમયે 'પ્રયત્ન' કરવો પડતો નથી.

### સુવિચાર

- નીતિ અને કર્મ ચોખ્ખા રાખશો તો સમય તમારા દરવાજા પાસે ચોકીદાર તરીકે કામ કરશે - **મોરારિ બાપુ**
- અંદરથી સળગતો હોય તેની જોડે થોડીક વાર બેસી જોજો, સળગાવ્યા પછીના બેસણા વેસ્ટ ઑફ ટાઈમ છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સમજદારને ઈશારો કાફી, પણ ઈશારો આપનાર સમજદાર હોવો જોઈએ - **રીઝવાન ગુજરાતી**
- જીવન એટલે પીડાનું પાથરણું, શમણાનું ઓશીકું, રાતનો ઉજાગરો અને દિવસનું ઝોકું - **એસ. ભટ્ટાચાર્ય**
- તકલીફ ખુદ હી કમ હો ગઈ, જબ અપનોં સે ઉમ્મીદ કમ હો ગઈ - **મેઘા શુક્લ**
- શોધશો તો જ રસ્તો મળશે, બાકી મંઝિલને ટેવ નથી સામે ચાલીને આવવાની - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : મેથીના લીલા પાનની સાથે હળદરની પેસ્ટ બનાવીને ચહેરા પર લગાવવાથી કાળા ધબ્બા દૂર થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

અમેરિકાના પેન્સિલવેનિયાના નાના શહેરમાં રહેતો નાનો બાળક ડેવિડ. તેને મોટા થઈ ડૉક્ટર બનવું હતું. કમનસીબે આઠ વર્ષની નાજુક ઉંમરમાં તેની આંખોની દૃષ્ટિ ચાલી ગઈ.

ડેવિડ સંપૂર્ણ અંધ થયો. છતાં એનો મોટો થઈને ડૉક્ટર બનવાનો ઉત્સાહ એવો જ હતો. એના ડૉક્ટર બનવાના સ્વપ્ન પર લોકો કટાક્ષ કરતા અને કહેતા, 'આ જન્મમાં ડેવિડ કદી ડૉક્ટર બની શકશે નહીં.' ડેવિડ લોકોની વાતો સાંભળીને કદી નિરાશ ન થતો. એણે મનોમન દૃઢ નિશ્ચય કર્યો હતો કે હવે તો ગમે તે થાય પણ ડૉક્ટર બનીને જ દેખાડવું.

મેડિકલ કૉલેજમાં જયારે એડમિશન કમિટી પાસે તેનું ફોર્મ પહોંચ્યું ત્યારે કમિટીએ કહી દીધું કે અંધ વિદ્યાર્થી ડૉક્ટરીનો અભ્યાસ કરી શકે નહીં. જેટલી વધુ નકારાત્મકતા આવતી ગઈ તેમ તેમ ડેવિડનો આત્મવિશ્વાસ વધવા લાગ્યો. એણે પોતાની રીતે જ મેડિકલ શિક્ષણનો અભ્યાસ શરુ કર્યો. દરેક વિષયના પુસ્તકો તેણે ઓડિયોમાં રેકોર્ડ કરાવ્યા. કેસેટ સાંભળીને તેણે મેડિકલ અભ્યાસ ચાલુ રાખ્યો.

આમ કરતાં સત્યાવીશમે વર્ષે ડેવિડની મહેનત સાકાર થઈ. યુનિવર્સિટીએ ડેવિડની મહેનત અને મેડિકલ અભ્યાસનું ઊંડું જ્ઞાન જોઈ તેને ડિગ્રી આપવી પડી.

તે વિશ્વનો સૌપ્રથમ અંધ ડૉક્ટર બન્યો. તેનું પૂરું નામ ડેવિડ ડબલ્યુ, હાર્ટમેન્ટ. દૃઢ નિશ્ચય વડે તથા અથાગ મહેનત વડે તેણે સાવ અશક્ય વાત ને શક્ય બનાવી દીધી.

# કથળતું જતું શિક્ષણવ્યવસ્થાપન

**તંત્રીસ્થાનેથી...**

સાયન્સ સ્ટ્રીમના બારમા ધોરણનું પરિણામ ઓછું આવતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શિક્ષકો ઉપરાંત ખુદ શિક્ષણમંત્રી ચિંતામાં પડી ગયા. ઓછા પરિણામનાં કારણો શોધવાની તજવીજ શરૂ થઈ ગઈ છે. સેમેસ્ટર પદ્ધતિ રદ કરવાથી આવું હોઈ શકે, એવું પણ તારણ નીકળ્યું છે, પરંતુ સેમેસ્ટર પદ્ધતિ રદ કરવા માટે તો રીતસરની ઝુંબેશ ચાલતી રહી છે. કૉલેજ શિક્ષણમાં આ પદ્ધતિ રદ કરવા મુદ્દે લગભગ સર્વસંમતિ જેવું વાતાવરણ પ્રવર્તે છે. સેમેસ્ટર પદ્ધતિના ફાયદા પણ છે અને ગેરફાયદા પણ છે. એમાં ટુકડે ટુકડે અભ્યાસ કરવાનો હોઈ વિદ્યાર્થી વિશેષ ધ્યાનપૂર્વક જે - તે બાબતો વાંચે છે - વાંચવા કરતાં વધારે તો ગોખે છે. સેમેસ્ટર પૂરું થતાં જ એ બાબતો એના દિમાગમાંથી નીકળી જાય છે, કારણ કે આગામી સેમમાં બીજા કેટલાક મુદ્દાઓ પર ધ્યાન આપવાનું હોય છે. આમ ટુકડે ટુકડે વાંચેલું - ગોખેલું પુસ્તકિયું જ્ઞાન પરીક્ષા પછી સાવ જ હવાઈ જાય છે. બીજી તરફ સેમેસ્ટર પદ્ધતિમાં વિદ્યાર્થી બારે માસ 'બિઝી' રહે છે. એને ઈતર પ્રવૃત્તિઓ માટે વખત જ નથી રહેતો. સતત પરીક્ષાનું ભૂત એના માથા પર જ ઝળૂંભી રહેતું હોય ત્યાં બિચારો છટકી જ કેવી રીતે શકે ? કૉલેજોમાં અગાઉ યોજાતા એવા જ્ઞાનવિજ્ઞાન કે મનોરંજનના કાર્યક્રમો બંધ થઈ ગયા છે. અધ્યાપકોને નવરાશ જ નથી મળતી. ઉતાવળે અભ્યાસ ક્રમ પૂરો કરી દેવાનો હોય છે. આથી અગાઉ જેવી મોકળાશ અને અને વ્યક્તિત્વ વિકાસના આયોજન માટે વખત જ નથી બચતો. ટૂંકમાં સેમ સિસ્ટમથી વિદ્યાર્થી અને શિક્ષક બેઉ સતત ટેન્શનમાં રહે છે. ગુજરાત સરકારે વિવિધ સ્તરેથી થયેલ રજૂઆતો ધ્યાને લઈ અગિયારમાં ધોરણમાં સેમેસ્ટર સિસ્ટમ બંધ કરી પણ એનું વિપરીત મળતાં હવે શિક્ષણવિદોથી લઈ સરકાર સુધીના બધા જ મૂંઝાયા છે. વળી એક વિશેષ કારણ પણ ઊડીને આંખે વળગે એ હદે ચર્ચાઈ રહ્યું છે. સરકાર પોતાના વિવિધ પ્રજાલક્ષી કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકોને જોતરતી રહે છે. આથી શિક્ષણ માટે વપરાતો સમય સરકારી યોજનાઓની વાહવાહી માટે યોજાતા રાજકીય હેતુસર કરાતા કાર્યક્રમો પાછળ ખરચાવા લાગ્યો છે. સરકાર શિક્ષણની જવાબદારી પણ સરકાર ધીરે ધીરે સ્વૈચ્છિક સંસ્થાઓને અને મસમોટી ફી લઈ શિક્ષણસંસ્થાઓ ચલાવતા ધંધાદારીઓને સુપરત કરી રહી છે. આવા સંજોગોમાં પરિણામ ન કથળે તો જ નવાઈ. શિક્ષણ મંત્રી કથળેલા પરિણામ માટે પરીક્ષાખંડોમાં મુકાયેલ સીસીટીવી કૅમેરાને પણ દોષિત ઠેરવી રહ્યા છે. કેવી વિડંબના!

# અંગ્રેજો સમજી ગયા કે ગાંધીજી હુકમનો વિનયથી વિરોધ કરે છે



**ગાંધી ૧૦૦**

ડો. રાજેન્દ્ર જાની

ચંપારણ છોડી જવાના ફરમાન પછી પણ ગાંધીજીએ ચંપારણ છોડ્યું તો નહીં પરંતુ કોર્ટમાં પણ હુકમનો અનાદર કરીને અંતરાત્માના અવાજને અનુસરવાનો ઉદ્દેશ જાહેર કર્યો. પછીની ગવર્નરે આદેશ રદ કરીને ગાંધીજીને જયાં પણ ફરવું હોય ત્યાં ફરવાની છૂટ પણ આપી.દેશ નહીં સમગ્ર દુનિયા માટે ગાંધીનો આ વિરોધ તદ્દન નોખા પ્રકારનો હતો. જિલ્લાના પોલીસ વડા હોય કે કલેકટર, કારકુન હોય કે ગવર્નર કોઈના પણ સરકારી રાહે નોટીસ આવે તેઓ સ્વીકારતા નહીં પરંતુ જે કોઈ સરકારી રાહે નોટીસ આવે તો કાયદેસર એ ન સ્વીકારીને વિરોધ કરી શક્યા હોત. ગાંધીજીના આવા વિરોધ છતાં વિરોધી નહીં એવા વર્તન વ્યવહારથી અને સરકારી અમલદારો સાથે સીધી વાતચીતમાં વાપરેલી મીઠાશથી તેઓ પણ સમજી ગયા હતા કે ગાંધીજીએ ખુદ સત્યના પ્રયોગોમાં લખ્યં છે 'મારે તેમનો વિરોધ કરવો નથી પણ તેમનો હુકમનો વિનયથી વિરોધ કરવો છે. તેથી તેમને એક પ્રકારની નિર્ભયતા મળી. મારી કનડગત કરવાને બદલે તેમણે લોકોને નિયમમાં રાખવા સારું મારી અને સાથીઓની ખુશીની મદદ લીધી. પણ સાથે તેઓ સમજી ગયા કે તેમની સત્તા આજથી અલોપ થઈ. લોકો ક્ષણભંર દંડનો ભય તજી તેમના નવા મિત્રના પ્રેમની સત્તાને વશ થયા.

ચંપારણ એટલે ગંગાના પેલે પારનો છેક હિમાલયની તળેટીમાં આવેલો નેપાળની નજીકનો પ્રદેશ, એક નવી દુનિયા. ચંપારણમાં 'ગાંધીજીને કોઈ ઓળખતું નહોતું. ખેડૂત વર્ગ સાવ અભણ હતો. લોકોએ મહાસત્તાનું નામ પણ સાંભળ્યું ન હતું. તેઓ તેમાં ભળતા પણ ડરે એવી સ્થિતિ હતી છતાં ગાંધીજી ચંપારણ પહોંચ્યા એના ગણતરીના દિવસોમાં લોકોએ તેમને સ્વીકરી લીધા. મહાસભા એક અળખામણું નામ પણ હતું. આથી ગાંધીજીએ નામનું નહીં પણ કામનું કામ છે એમ જ કામને આગળ ધપાવ્યું હતું.'

આજના સમયમાં નાની સરખી વાત હોય એનો પણ અખબારો અને સોશિયલ મીડિયામાં પબ્લિસીટી લેવામાં ઉપયોગ થાય છે ત્યારે ગાંધીજીના ચંપારણ સત્યાગ્રહમાં આનાથી સાવ વિપરિત બાજુ હતી. નિષ્પક્ષતાની જાત તપાસ માટે ગાંધીજીએ છાપોની ચર્ચા અને ખબરપત્રીઓની જરૂર ન હતી. જો વર્તમાનપત્રોમાં અતિશય ટીકા અને તપાસના મોટા રિપોર્ટસ આવે તો આંદોલનને હાનિ થશે એવો ભય ગાંધીજીને હતો. આથી તેમણે મુખ્ય છાપાના તંત્રીઓને

**પ્રજાજનો દંડાની સત્તાને નહીં પણ પ્રેમની સત્તાને વશ થયા**

વિનંતી કરી હતી કે 'તેમણે રિપોર્ટરને મોકલવાના ખર્ચમાં ન ઉતરવું. જેટલું છાપવાની જરૂર હશે તેટલું હું મોકલતો રહીશ, ખબર આપતો રહીશ.'

ખેડૂતોનું શોષણ કરતા ગળીના ઠેકેદાર નીલવરો અને અંગ્રેજ અમલદારો તો બરાબર ખીજાયેલા હતા. છાપામાં સાચી ખોટી ખબરો આવે તેથી તેઓ વધારે ચિડાય, તેની ખીજ ગરીબડી, બીકણ, રૈયત પર ઉતારે એવા ડરથી ગાંધીજીએ વર્તમાન પત્રોના પત્રકારોને રિપોર્ટીંગ કાર્યથી દૂર રાખવાનું મુનાસિબ માન્યું હતું. વર્તમાનપત્રોના ઉપયોગ અને દુરપયોગ વિષે ગાંધીજી કેટલા સમજદાર હતા એનું પણ દૃષ્ટાંત આપણને આમાંથી મળે છે. યંગ ઈન્ડિયા અને નવજીવન શરુ કરનાર ગાંધીજીની એક ઓળખ પત્રકાર તરીકેની પણ છે પણ ચંપારણ સત્યાગ્રહ લડતમાં તેમને પત્રકારોને રિપોર્ટીંગ કરવાથી દૂર રાખ્યા હતા એ જાણવા જેવું છે.

ચંપારણની લડત વખતે નાણાંની જરૂર હતી પરંતુ બીજી તરફ ગાંધીજીની લડતમાં એક પ્રથા હતી કે જાહેર કામ માટે પ્રજા વર્ગ પાસેથી ધન મેળવવું નહીં. ચંપારણના વકીલોનું મંડળ પ્રસંગોપાત કોઈ ખર્ચ કરવાનો થાય તો કરતું હતું. પૈસે ટકે સુખી એવા વકીલો લોકો પાસે દ્રવ્ય ભિક્ષા કેમ માગે ? એવી લાગણી વકીલોની હતી. તો ચંપારણની રૈયત પાસે એક કોડી પણ ન લેવી. એવો દૃઢ નિશ્ચય ગાંધીજીનો હતો એટલું જ નહીં ખેડૂતોના શોષણની તપાસ માટે હિંદુસ્તાનમાં જાહેર ઉઘરાણું ન કરવું એવો પણ તેમનો નિશ્ચય હતો. મુંબઈથી કેટલાંક દાનવીરોએ રૂા. ૧૫ હજારની મદદ કરવા તૈયારી બતાવી હતી. પણ ગાંધીજીએ તેમની મદદનો સાભાર અસ્વીકાર કર્યો હતો. ચંપારણની બહારના બિહારના સુખી લોકો અને દાકતર પ્રાણજીવન મહેતા પાસેથી મેળવવાનો નિર્ણય તેમણે કર્યો હતો. પ્રાણજીવનદાસ મહેતાએ ખૂટતી મદદની ખાતરી આપી હતી. એટલે લડત પાછળના ખર્ચની ચિંતા રહી ન હતી. ઉપરાંત ઓછામાં ઓછા ખર્ચે લડત ચલાવવાની વ્યવસ્થા ગાંધીજીએ કરી હતી. એટલે વધારે નાણાંની જરૂરિયાત પણ ન હતી. ગાંધીજી લખે છે, 'વધારે દ્રવ્યની જરૂર પણ અમારે પડી નહીં, બધુ થઈને બે કે ત્રણ હજારથી વધારે ખર્ચ નહોતું થયું એવો મારો ખ્યાલ છે જ એકઠું કરેલું એમાંથી ૫૦૦ કે ૧,૦૦૦ બચેલા એવું મને સ્મરણ છે.'

નીલવરો દ્વારા ચલાવાતા શરમજનક શોષણની વિગતો એકઠી કરવામાં એક ટીમ તૈયાર કરવામાં આવી હતી. ખેડૂતો પોતાની આપવીતી લખાવવા માટે દિવસભર ઉમટી પડતા હતા. જે ખેડૂતો આવે તેમની સાથે આખી ફોજ હોય, પાંચ-સાંત વકીલો તેમની વિગતો લખવા માંડે તો પણ કામ પૂરું જ ન થાય.

**અનુસંધાન પાના નં ૭ પર**

# ડૉ. જીવરાજ મહેતા : આપણા રાજ્યના પ્રથમ સુકાની



**ક્ષણના ચણીબોર**

વી. એસ. ગઢવી

ગુજરાત જયારે મુંબઈ રાજ્યનો ભાગ હતું ત્યારની એક બનેલી ઘટના ધૈર્યચન્દ્ર બુધ્ધે લખી છે. ડૉ. જીવરાજ મહેતા ત્યારે મુંબઈ રાજ્યના નાણાં મંત્રી હતા. ડૉ. મહેતા ગુજરાત રાજ્યની રચના (૧૯૬૦) થયા પછી રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી થયા હતા તે સુવિદિત છે. આથી ગુજરાત રાજ્યની સ્થાપના પહેલાના સમયની આ ઘટના છે. મહેતા સાહેબ મુંબઈ રાજ્યના નાણાં મંત્રી હતા ત્યારે એક વખત વડોદરાની મુલાકાતે આવેલા હતા. સ્વાભાવિક રીતેજ નાણાં મંત્રીશ્રીનો સત્કાર કરવા અનેક લોકો રેલ્વે સ્ટેશન પર હાજર હતા. સ્ટેશનની બહાર નીકળવા ડૉ. મહેતા પ્લેટફોર્મ પરના ઓવર બ્રીજના પગથિયા ઉતરતા હતા. સાહેબે જોયું કે તેમની આગળ એક બહેન પગથિયા ઉતરતા હતા. બહેને એક બાળક તેડેલું હતું અને બીજા હાથથી તેઓ પાણી ભરેલું વાસણ ઊંચકીને પગથિયા ઉતરતા હતા. બાળકને એક હાથથી સંભાળીને બીજા હાથથી પાણી ભરેલા વાસણનો બોજ ઉપાડવાની તેઓ મુશ્કેલી અનુભવતા હતા. માનવતાવાદી ડૉ. મહેતાની નજરથી આ વાત છટકી શકી નહિ. તેઓ થોડા ઝડપથી ચાલ્યા અને પેલા બહેનના હાથમાંથી પાણીનું વાસણ ઊંચકી લીધું. બહેનના ચહેરા પર રાહતનો ભાવ ઉભરી આવ્યો. પગથિયા ઉતર્યા પછી પેલા બહેન પાણીનું વાસણ સાહેબ પાસેથી લઈને રાહત સાથે આગળ ચાલ્યા. ડૉ. મહેતા પણ સ્વાભાવિક રીતેજ સરકારી ગાડીમાં બેસીને સરકીટ હાઉસ તરફ ગયા.

ઉપરની ઘટના કદાચ નાની દેખાય પરંતુ તેના મૂળમાં નજર નાખવાની જરૂર જણાય છે. એક માનવી બીજા માનવી તરફ સંવેદના ધરાવતો હોય તો આજની અને કોઈપણ કાળની મોટા ભાગની સમસ્યાઓનો તેમાં ઉકેલ છે. સંવેદનાનો અભાવ હોય તો પણ સાધનો અને સંપત્તિ વધે ખરા પરંતુ સમાજની સુખાકારીનો ગ્રાફ ઊંચો આવે નહિ. વિશ્વના ઘણાં વિકસિત દેશો આ બાબતનો અનુભવ આજે કરી રહેલા છે. આપણે ત્યાં પણ આ સ્થિતિ દેખાવી શરૂ થઈ ચૂકી છે. ડૉ. જીવરાજ મહેતાએ જે કર્યું તેવું સદ્ભાવનું કૃત્ય સહજપણે કરવાની ઈચ્છા મોટા ભાગના નાગરિકોને થાય તો સ્વસ્થ સમાજ જીવન ઊભું કરવાની દિશામાં ગતિ કરી શકાય. ગુજરાત રાજ્યની સ્થાપનાના મહિનામાં સંવેદનશીલ ડૉ. જીવરાજ મહેતાની સ્મૃતિને ફરી વંદન કરવાનું મન થાય છે. મોંઘા મૂલના આવા માનવીઓ એક તેજ લીસોટા જેવું જીવતર જીવીને ગયા. કવિ રમેશ પારેખે આવા જીવન જીવી જનારા લોકોના સંદર્ભમાં લખ્યું છે તે ફરી ફરી યાદ આવે તેવું છે.

પડે ન સ્હેજે ખુદનો ડાઘો
એમ જગતને અડે
દુર્ભલ એ દરવેશ કે
જેના કાળ સાચવે પગલાં.

ડૉ. જીવરાજ મહેતાની સ્મૃતિમાં અમરેલી જિલ્લા વિદ્યાસભા તરફથી મહેતા સાહેબને "સમતાના મેર" તરીકે બીરદાવતું પુસ્તક પ્રગટ કરવામાં આવેલું છે તે જોઈને આનંદ તથા ગૌરવની લાગણી થાય તેવું છે.

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડ રત્ન પારખુ હતા. મહર્ષિ અરવિંદ કે ડૉ. બાબાસાહેબ જેવા રત્નોની પરખમાં મહારાજાની ચકોર તથા મંગલકારી દ્રષ્ટિ કારણભૂત હતી. મહારાજા સાથે ડૉ. મહેતાનો મેળાપ તો સ્વીટ્ઝરલેન્ડમાં થયો પરંતુ તેનો લાભ વડોદરા રાજ્યને થયો. મહારાજાના આગ્રહથી મહેતા સાહેબ રાજવીના અંગત તબીબ તેમજ વડોદરા રાજ્યની જનરલ હોસ્પિટલના વહીવટકર્તા થયા. એક આદર્શ હોસ્પિટલનો વહીવટ કેવી રીતે થાય તેનો દાખલો ડૉ. મહેતાએ પ્રસ્થાપિત કર્યો. ખરા અર્થમાં વિદુષી કહેવાય તેવા હંસાબેન મહેતા સાથેનો પરિચય તેમને અહીંજ થયો. આ સુભગ પરિચય લગ્નમાં પરિણમ્યો. હંસાબહેન કળા – સાહિત્ય તેમજ સંસ્કારનો વારસો લઈને જન્મેલા હતા. વડોદરા રાજ્યના દીવાનના તેઓ પુત્રી હતા. હંસાબહેને ગુજરાતી તથા અંગ્રેજીમાં પુસ્તકો લખ્યા છે. એમ. એસ. યુનિવર્સિટીની સ્થાપનામાં હંસાબેહનનું પ્રદાન ભૂલી ન શકાય તેવું છે. આ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર બનીને તેઓ ભારતના સર્વ પ્રથમ મહિલા વાઈસ ચાન્સેલર બનવાનું સન્માન મેળવી શક્યા.

ગુજરાતના આ પ્રથમ મુખ્યમંત્રી ગાંધીજીના પણ હમેશના વિશ્વાસપાત્ર અને પ્રીતિપાત્ર તબીબ હતા. ગાંધીજીને તેમનામાં ભારે શ્રધ્ધા હતી. ગાંધીજીના જીવન દરમિયાન બાપુની તબીયત અંગેનો આખરી અભિપ્રાય ડૉ. જીવરાજ મહેતાનો લેવામાં આવતો હતો. બાપુના સહવાસ તેમજ પોતાના સંસ્કારના કારણે બાપુની નિર્ભયતા પણ જીવરાજભાઈની રગેરગમાં ઉતરી હતી. વડોદરા રાજ્યના દીવાન તરીકે મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડની નીતિ તેમજ તેમના વિલાસમય જીવન તરફ ડૉ. મહેતાને ભારે અણગમો હતો. ૧૯૪૮માં વડોદરાની ધારાસભામાં રાજવી વિરૂધ્ધ સ્પષ્ટ શબ્દોમાં તેમણે તહોમતનામું રજૂ કર્યું હતું. જેનું પરિણામ વડોદરાના સત્તા પરિવર્તનમાં આવ્યું હતું. નિર્ભયતાની આ કક્ષાના દર્શન ઈતિહાસમાં બહુ ઓછા પ્રસંગોએ જોવા મળે છે. કોઈપણ બાબતમાં સ્પષ્ટ વક્તા હોવાના કારણે તેમની રાજકીય કારકીર્દિમાં તેમને સહન કરવાનો સમય પણ આવ્યો હતો. પરંતુ આ ગાંધીના ગોવાળને તે અંગે કદી રંજ થયો ન હતો.

ગુજરાતના એ સદ્ભાગ્ય છે કે રાજ્યને એક કુશળ તથા વિચક્ષણ રાજપુરુષ પ્રથમ મુખ્યમંત્રી તરીકે મળ્યા. વડોદરા રાજ્યના વિલિનકરણમાં જીવરાજભાઈનું જેવું અમૂલ્ય યોગદાન હતું તેવુંજ યોગદાન નવા રચાયેલા ગુજરાત રાજ્યના નિર્માણમાં હતું. નવા રચાયેલા રાજ્યમાં નિષ્ઠા તેમજ સાદગીના અનેક ગુણોનું સિંચન મહેતા સાહેબે કર્યું હતું. ગુજરાતને આ અમૂલ્ય બાબતોનો વારસો જીવરાજ મહેતાના શાસનકાળમાં મળ્યો હતો. ગુજરાતના આ પ્રથમ તથા સમર્થ મુખ્યમંત્રીની પદ પરથી અકારણ વિદાય એ વ્યથા ઉપજાવે તેવું પ્રકરણ છે. પરંતુ ભારતના પ્રથમ પ્રધાનમંત્રીની કુનેહ તથા સમયસરની દરમિયાનગીરીના કારણે આ બાબતમાં થોડી રાહત અનેક લોકોએ અનુભવી. ભારત સરકારે મહેતા સાહેબની નિયુક્તિ બ્રિટનના હાઈકમિશનર તરીકે કરીને ડૉ. મહેતાનું સન્માન પુનઃ સ્થાપિત કરવાનો તેમજ જાળવવાનો ઉચિત પ્રયાસ કર્યો.

ઓગસ્ટ-૧૮૮૭માં અમરેલીમાં સામાન્ય કુટુંબમાં જન્મ લઈને જીવરાજભાઈએ પોતાની જ્વલંત પ્રતિભાથી દેશ તથા દુનિયામાં નામ રોશન કર્યું હતું. ગાંધીની ગુજરાતના એ સદનસીબ ગણાય કે ડૉ. જીવરાજ મહેતા જેવા બાહોશ સુકાની રાજ્યને નૂતન ગુજરાતના પહેલા મુખ્યમંત્રી તરીકે મળ્યા હતા. કોઈપણ સમયે શાસનમાં ગરીમા તથા ગાંધી મૂલ્યોની વાત થશે ત્યારે ડૉ. જીવરાજ મહેતાની સ્મૃતિ સૌને અચૂક થશે.

# ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા રવિવારે 'હિંદી - ગુજરાતી કવિઓની કાવ્યગોષ્ઠિ' કાર્યક્રમ



**સાહિત્ય વૃત્ત**

મૂળજીભાઈ પરમાર 'દધિ'

વૃત્તસંચય

● ગરવી ગુર્જરધરાના પનોતા ગુજરાતી સાહિત્યના પ્રચાર-પ્રસાર અને સંવર્ધનસારુ તથા આ ગુજરાતી સાહિત્ય મધમધતું - મહેકતું રહે તે માટે, ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા અવનવા સાહિત્યિક કાર્યક્રમો યોજવામાં આવે છે, તે અંતર્ગત ચાલુ માસની બેઠકમાં તા. ૧૩-૫-૨૦૧૮ ને રવિવારના રોજ સાંજના ૫.૩૦ વાગે, સંસ્થાના પ્રમુખ નટવર હેડાઉના અધ્યક્ષસ્થાને, નમન એપાર્ટમેન્ટ, સેકટર-૨૧ ખાતે 'હિંદી - ગુજરાતી કવિઓની કાવ્યગોષ્ઠિ' નો કાર્યક્રમ યોજવામાં આવનાર છે, જેમાં બંને ભાષાના જાણીતા કવિઓ પોતાની સ્વરચિત રચનાઓની રસલ્હાણ કરશે, તો આ અનોખો સાહિત્યિક કાર્યક્રમ માણવા અચૂક પધારવા, નગરના મહાનુભાવો, સાહિત્યિકારો, સાહિત્ય રસિકો-ભાવકો તથા સર્વે સભ્યોને હાર્દિક જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

● ગાંધીનગર નિવાસી લેખક અનંતરાય વ્યાસ લિખિત નવું પુસ્તક 'છેલ્લો સીન'નું વિમોચન તાજેતરમાં કરવામાં આવ્યું હતું. તેમના પ્રથમ પુસ્તક 'અનંતનું અંતર' નું પ્રકાશન તેમના પુત્ર હિતેશભાઈ તથા દીકરી સપનાબે દ્વારા લેખકનાં મોટા દીકરી રશ્મિબેન અશોકભાઈની દીકરી ઉર્વિના લગ્નપ્રસંગે સરપ્રાઈઝ આપીને કરવામાં આવ્યું હતું. તેજ રીતે, આ નવા પુસ્તક 'છેલ્લો સીન'ને પણ રશ્મિબેન અશોકભાઈના પુત્ર જયના લગ્નપ્રસંગે, દીકરી સપનાબેને લેખકના હાથમાં મૂકી સરપ્રાઈઝ આપી હતી. એમની બાળવાર્તાઓનાં પાંચ પુસ્તકો ઉપરાંત 'સૂત્રાત્મક ગીતા' પ્રકાશિત થયા છે. ગાંધીનગરના ડિઝાઈનીંગ, પ્રિન્ટીંગ અને પત્રકારત્વ ક્ષેત્રે સંકળાયેલ મિત્રો કુંતલ નિમાવત અને જીવરાજ ચૌધરી દ્વારા 'બનાસ પબ્લિકેશન' નામે આ નવા પુસ્તકનું પ્રકાશન કરવામાં આવ્યું છે. અનંતરાય વ્યાસને ખૂબ ખૂબ અભિનંદનસહ અંતરની શુભકામનાઓ.

● ઈતિહાસ, ભારતીય સંસ્કૃતિ અને પુરાતત્ત્વશાસ્ત્ર સાથે સંકળાયેલ અને 'ભારતીય સંસ્કૃતિની ઝલક' તથા 'વિશ્વનું શિલ્પ સાહિત્ય' પુસ્તકોના રચયિતા ડૉ. થોમસ પરમારને 'ર.છો. પરીખ સુવર્ણચંદ્રક' થી ગુજરાતી ઈતિહાસ પરિષદ દ્વારા, ઈતિહાસ, ભારતીય સંસ્કૃતિ અને પુરાતત્ત્વશાસ્ત્રના અભ્યાસ અને સંશોધન બદલ અપાતા સર્વોચ્ચ સન્માનથી નવાજવામાં આવ્યા. તેઓ ગુજરાત વિશ્વકોશમાં પણ ભારતીય સંસ્કૃતિ વિષયના માનદ સંપાદક તરીકે સેવાઓ આપી રહ્યા છે.

● ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટના ઉપક્રમે ગુજરાતના બહુશ્રુત વિદ્વાન, નાટ્યલેખક, સંશોધક અને કવિ રસિકલાલ છો. પરીખ વિશેની ત્રિદિસીય વ્યાખ્યાનમાળા યોજાઈ ગઈ. જેમાં ડૉ. દેસાઈએ જણાવ્યું હતું કે રસિકલાલ પરીખનું કાઠું પંડિતનું હતું. ગુજરાતના ગણ્યાગાંઠ્યા બૌદ્ધિકોમાં એ મૂર્ધન્ય સ્થાને હતા. તેઓ નાટ્ય, તત્ત્વવિદ્યા, લોકશાસ્ત્ર, સૌંદર્ય મીમાંસા, સાહિત્ય, ઈતિહાસ અને માનસશાસ્ત્ર એમ બહુવિધ શાસ્ત્રોના જ્ઞાતા એટલે કે એક 'જંગમ વિદ્યાપીઠ' સમા હતા. આ વ્યાખ્યાનમાળામાં ઈતિહાસ અને સ્થાપત્યના વિદ્વાન ડૉ. થોમસ પરમારને સુવર્ણચંદ્રકથી નવાજવામાં આવ્યા હતા. તેમનો પરિચય ડૉ. કુમારપાળ દેસાઈ દ્વારા આપવામાં આવ્યો હતો. જાણીતા નાટ્યવિદ અને અભિનેતા મહેશ ચંપકલાલે જણાવ્યું હતું કે સાહિત્ય દ્વારા પારિતોષિક પ્રાપ્ત કરનારા અને સંગીત અકાદમી દ્વારા પારિતોષિક પ્રાપ્ત કરનારા અને સંગીત નાટ્ય અકાદમીએ જેમને માનદ્ ફેલો બનાવ્યા હોય તેવા એકમાત્ર તેઓ નાટ્યકાર છે.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ ગુજરાતી ભાષા - સાહિત્ય અને સંસ્કૃતિના સંવર્ધનની અને ગુજરાતની અસ્મિતાને ઉજાગર કરવાની સાહિત્યિક પ્રવૃત્તિઓ અંતર્ગત 'વિશ્વા' ના નેજા હેઠળ, સ્ત્રીઓ દ્વારા લખાયેલી ગુજરાતી ટૂંકી વાર્તા લેખન સ્પર્ધા યોજવામાં આવેલ છે. જેમાં ગુજરાતી ભાષામાં, સ્ત્રીઓ દ્વારા લખાયેલ મૌલિક કૃતિઓ, કાગળની એકબાજુ ટાઈપ કરેલી, વધુમાં વધુ ૩,૦૦૦ શબ્દોની હોવી જોઈએ. આ વાર્તા સાથે લેખિકાએ પોતાનો સંક્ષિપ્ત પરિચય ફોટોગ્રાફ સાથે મોકલવાનો રહેશે. આ વાર્તાસ્પર્ધામાં પ્રથમ પારિતોષિક રૂા. ૨૫૦૦, દ્વીતીય રૂા. ૧૫૦૦, અને તૃતીય ૧૦૦૦ નું રહેશે. આ વાર્તાઓ 'ગુજરાત વિશ્વકોષ ટ્રસ્ટ' (વાર્તા સ્પર્ધા) રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩ સરનામે તા. ૧૫મી જુન, ૨૦૧૮ શુક્રવાર સુધીમાં મોકલવાની રહેશે.

● ચંદ્રવદન મહેતા સ્મારક સમિતિના ઉપક્રમે ચંદ્રવદન મહેતાની જન્મજયંતિ નિમિત્તે 'અભિજ્ઞાન શાકુંતલ' ના કન્યાવિદાય સુધીના પ્રસંગોનો ચં.ચી. મહેતાએ કરેલા સમશ્લોકી ગુજરાતી અનુવાદ પરથી રજનીકુમાર પંડ્યાએ તૈયાર કરેલા એનિમેટેડ ફિલ્મની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. રજનીકુમાર પંડ્યા અને ચંદ્રવદન મહેતાનાં સ્મરણો વિશે, આ તા. ૬ઠ્ઠી એપ્રિલ, ૨૦૧૮ ના રોજ યોજાયેલ કાર્યક્રમમાં ધીરુબહેન પટેલ, કુમારપાળ દેસાઈ અને મહેશ ચંપકલાલે વકતવ્યો આપ્યાં હતા.

● વિશ્વકોશ લલિતકલા કેન્દ્ર દ્વારા તા. ૨૮મી એપ્રિલ, ૧૮ ના રોજ 'ગમી તે ગઝલ' વિષયે, બાલાશંકર કંથારિયાથી લઈને અનુઆધુનિક ગઝલકારોની ગઝલોની સંગીતમય પ્રસ્તુતિ અમર ભટ્ટ દ્વારા કરવામાં આવી હતી.

● ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, અમદાવાદ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસના ઉપલક્ષ્યમાં ડૉ. કુમારપાળ દેસાઈના માર્ગદર્શનમાં એક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કવિ અવિનાશ વ્યાસ, ગુલામ અબ્બાસ 'નાશાદ', અનિલ રાવલ 'નિર્મલ' હરેશ ખાટસૂરિયા, તથાગત પટેલ, કાલિદાસ પટેલ અને રશીદ મુનશીની રચનાઓ રજૂ થઈ હતી.

● નવોદિત સર્જક કુમારી જાનકી શાહના પ્રથમ પુસ્તક 'હેલો ! હાસ્ય બોલું છું' પુસ્તકનું વિમોચન એચ.એમ. ગાંધી આર્ટ્સ કૉલેજ, કાલોલ (જિ. પંચમહાલ) ખાતે ગુજરાતી ભાષાના જાણીતા સર્જક ડૉ. વિજય શાસ્ત્રી અને પ્રિ. ડૉ. કિશોર વ્યાસના વરદ્ હસ્તે યોજાઈ ગયું.

● મહાગુજરાત સંઘ, બોરીવલી સાંસ્કૃતિક કેન્દ્ર અને અનુરંજન, કાંદિવલી (મુંબઈ)ના સંયુક્ત ઉપક્રમ 'હાસ્ય લહેરી' અંતર્ગત એક હાસ્યકવિ સંમેલન રાજન બ્રહ્મભટ્ટના સંચાલનમાં યોજાઈ ગયું. જેમાં કવિઓ સર્વશ્રી સતીશ વ્યાસ, ભાવેશ શાહ 'શહેરી', સુરેશ ઝવેરી, રમેશ પરમાર 'ખામોશ', 'યામિની પટેલ', આશા પુરોહિત, દિનેશ પોપટ, અને વિજય કોઠારીએ પોતાની હાસ્ય કવિતાઓ રજૂ કરીને સર્વેને હાસ્ય તરબોળ કરી દીધા હતા.